

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

### સલામી સવારની..

*મનની વાત છૂપાવી ઊંડા ડંજ રાખે છે,*
*દંભી હાસ્ય નીચે દુશ્મનીના ગંજ રાખે છે.*
*રંજ રાખી 'ન્યાય'નો કરી નાખે પાયમાલ -*
*ગુસ્સે હોય લાલ છતાં ગાલ ખંજ રાખે છે...*
*(જસ્ટિસ જોસેફનો અનુભવ)*

### હાઈકુ

*ઉખેડી નાખો -*
*દુશ્મનો ને સ-મૂળ,*
*ધરતીમાંથી...*
*(ચાણક્ય નીતિ)*

*રાષ્ટ્રીય વડા,*
*સંકુચિત સ્વભાવે -*
*પૂરાય વાડે...*

### ચિંતન

*રાખૈં ગુરુ જૌં કોપવિધાતા,*
*ગુરુ બિરોધ નહિં કોઉ જગત્રાતા*

ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

જો વિધાતા કોપે તો ગુરુ રક્ષા કરે, પરંતુ ગુરુ વિરોધ કરે તો જગતમાં કોઈ રક્ષણ ના કરી શકે.

રામચરિત માનસના કાકભૂસંડીજીના પૂર્વ અવતારના પ્રસંગની આ ચોપાઈ છે.

ગુરુનું મહત્ત્વ અહીં દર્શાવવામાં આવ્યું છે. વિધાતા - ઈશ્વરના કોપમાંથી ગુરુ બચાવી રક્ષણ કરે છે, પણ ગુરુ ખૂદ જ કોપાયમાન થાય તો કોઈ જ બચાવી ન શકે. ક્યારેક પણ ગુરુનો દ્રોહ ન કરવો.

### સુવિચાર

- વાણીમાં સચ્ચાઈ અને વર્તનમાં અચ્છાઈ, એ જ છે સાચી માણસાઈ - **અખંડ આનંદ**
- ભવિષ્ય એમનું છે જેઓ પોતાના સપનાની સુંદરતા ઉપર વિશ્વાસ રાખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સેલ્ફી'ની જગ્યાએ કયારેક કોઈકનું દુઃખ ખેંચી શકો તેવો પ્રયત્ન કરજો, દુનિયા તો શું, ઈશ્વર પોતે પણ તેને 'લાઈક' કરશે - **બોધિવક્ષ**
- દેવ થઈને પણ સાવ આવું ભોળપણ તે હોય કંઈ ? શું તમે પણ... કયાંક સોનાનું હરણ તે હોય કંઈ - **ભરત ભટ્ટ**
- વધુ સારા થવાની ક્ષમતા દરેક માણસમાં હોય જ છે, પરંતુ સારા થવા માટે તેમને ખુદનો સ્વાર્થ જ નડતો હોય છે - **ઈશીતા**
- કર્મ સફળતાની ગેરંટી નથી આપતું પરંતુ તેની તકો ઘણી વધારી આપે છે - **મોરારી બાપુ**
- આજનું ઔષધ : દાણા કાઢી લીધા પછીનો મકાઈના ડોડાને બાળી તેની ભસ્મ ઠંડા પાણી સાથે એકગ્રામ ફાકવાથી ઉલ્ટી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એકવાર યુધિષ્ઠિરે ખૂબ વિધવિવિધાનપૂર્વક રાજસૂય યજ્ઞ કર્યો. મન મૂકી યજ્ઞ કરાવનાર ઋષિ મુનિઓનું સન્માન કર્યું. યોગ્ય આહુતિ અપાઈ છતાં આકાશમાં યજ્ઞ સ્વીકાર થયાનો કોઈ ઘંટારવ થયો નહીં. ઘંટારવ થવો એ યજ્ઞની સફળતાનો માપદંડ ગણાય છે.

યુધિષ્ઠિરે ઋષિમુનિઓ સાથે ચર્ચા કરી, પરંતુ તેઓએ કહ્યું, આપણે વિધિવિધાનમાં કઈ કસર નથી રાખી અને ઘંટારવના થયો તો પણ યજ્ઞ સફળ જ ગણવો. હજી યુધિષ્ઠિરને સમાધાન ન થવા તેમણે શ્રીકૃષ્ણ પાસે જઈને કહ્યું, 'રાજસૂય યજ્ઞ કેમ સફળ નહીં થયો હોય ?' કૃષ્ણએ કહ્યું, 'ધર્મરાજ, યજ્ઞ કરાવનાર ઋષિમુનિઓને પોતાની વિદ્વતાનો અહંકાર થઈ ગયો હતો. આથી તમારો યજ્ઞ સફળ થઈ શક્યો નથી.' યુધિષ્ઠિરે કહયું 'હવે અમારે શું કરવું ?' ત્યારે શ્રીકૃષ્ણએ કહ્યું, 'તમે કોઈ બાળક અથવા સાવ નિર્મળ હૃદયના ભક્તને બોલાવો તેને ભોજન કરાવો, એની તૃપ્તિ અને આશિર્વાદથી યજ્ઞ સફળ થઈ જશે.'

યુધિષ્ઠિર ભૂખ્યા અને તપસ્યા આખો દિવસ નગરમાં ફર્યા અને એક સાચા ભગતને શોધી ઘેર લાવ્યા તેને આદરપૂર્વક બેસાડ્યા અને દ્રૌપદીએ ખૂબ ભાવથી ભગતને જમાડ્યા, જેવું ભોજન બેસાડ્યા અન દ્રૌપદીએ ખૂબ ભાવથી ભગતને જમાડ્યા, જેવું ભોજન પૂરું થયું અને ભગતને સંતોષનો ઓડકાર આવ્યો અને આકાશમાંથી મધુર ઘંટારવ થયો.

યુધિષ્ઠિર ને ખ્યાલ આવ્યો કે આ સાચા ભગતની તૃપ્તિનો ઓડકારથી સૌ આકાશના દેવો પણ પ્રસન્ન થઈ ગયા છે અને પ્રતિસાદ રુપે ઘંટારવ સંભળાયો છે.

# વિભૂતિને વટાવવાનું રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

ગાંધીજી કે સરદારને એમની હયાતીમાં પુછાયું હોત કે તમારા ગામને રાષ્ટ્રીય દરજ્જો આપીએ - તો એમણે શો જવાબ આપ્યો હોય તે તમે કે હું કલ્પી શકીએ છીએ. વતનની માયા દરેકને હોય, પણ આવા ઈતિહાસ પુરુષોને એમનું વતન બીજા ગામો કે શહેરો કરતાં ચડિયાતું ગણવામાં આવે એવો મોહ હરગિજ ન હોય. સરદાર માટે દેશ આખો એમનું ગામ હતો. એમણે તો ટુકડાઓમાં વહેંચાયેલા દેશનો એક તાંતણે ગાંઠવાનું કામ પાર પાડ્યું હતું. શું એ કરમસદ અનો આનંદ વચ્ચે વહેરોઆંતરો કરવાનું પસંત કરત ? પરંતુ આપણે પ્રતિમા પૂજક પ્રજા છીએ એથી આપણનો આપણી વિભૂતિઓનાં જન્મ સ્થાન વિશિષ્ટ લાગે છે. કબીરે કાશીના વધુ પડતા મહિમા સામે વિદ્રોહ કર્યો હતો અને જે ગામ અપશુકનિયાળ ગણાતું હતું ત્યાં - મગહર મુકામે દેહ છોડ્યો હતો. જો કે રાજકારણીઓ માટે વિભૂતિઓની વિવિધ બાબતો વટાવી ખાવાનો શિરસ્તો નવો નથી. ગાંધીના મહાપ્રયાણ સાથે જ પોરબંદર તીર્થધામ બની ગયું. મહાત્મા ગાંધીના જન્મસ્થળનું નામ કદી 'કીર્તિમંદિર' હોઈ શકે ? પરંતુ એમના અનુયાયીઓએ ધરાર એ શબ્દ ચીપકાવી દીધો. ગાંધી તો 'મંદિર'ના જ વિરોધી હતા. એ સમજણા થયા પછી કયારેક કોઈ મંદિરમાં દર્શન કરવા નહોતા ગયા. પોતે પરમ આસ્તિક હિંદુ હોવા છતાં તેઓ સમૂહ પ્રાર્થનામાં સર્વધર્મ પ્રાર્થના જ ગવડાવતા. સરદારની આભ ઊંચેરી પ્રતિમા સ્થાપિત કરી દેવાથી કે કરમસદને રાષ્ટ્રીય નગરનો દરજ્જો આપી દેવાથી સરદારનું સાચું તર્પણ નથી થવાનું. આ બધા રાજકારણીઓના મનઘડંત હેતુલક્ષી, વોટલક્ષી કારસા છે. પરંતુ ગામ લોકોને એમ લાગતું હોય કે મહાત્મા ગાંધીના જન્મસ્થળનો આટલો મહિમા કરાયો અને અમે રહી ગયા, તો એમની કક્ષાએ ઊતારી એવું સમાધાન કરાય કે ખોટું પણ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને એમના પૂર્વસૂરિયો - અટલબિહારી વાજપેયી તથા લાલકૃષ્ણ અડવાણીએ સરદાર પટેલનું નામ એક યા બીજા નિમિત્તે ખૂબ વટાવ્યું છે. કોંગ્રેસ માટે સરદાર પટેલની નહેરુવાદી નેતાઓ દ્વારા થયેલ અવહેલના હાનિકારક નીવડી છે. હાર્દિક પટેલ જેવા નવયુવાન નેતા પણ હવે સરદાર પટેલના નામે રાજકારણ ખેલવા ટાંપીને બેઠા છે. ચીમનભાઈ પટેલ પોતાને 'છોટે સરદાર' કહેવડાવતા હાત. તેમ જ કેશુભાઈ પટેલ સરદારને ખેડૂતોના નેતા તરીકે પોતાના આદર્શ ગણતા હતા. સરદારના સાચા વારસદાસ બાબુભાઈ જશભાઈ પટેલ હતા, જેમનો ગુજરાત ભૂલી ચૂક્યું છે. કરમસદને રાષ્ટ્રીય દરજ્જો અપાવા ધરણા થાય, વળી તે ધરણાં ભાજપના પ્રદેશ પ્રમુખની હાજરીમાં હાર્દિક પટેલ ત્યાં પહોંચે તે પહેલાં સમેટાઈ જાય - વગેરે બાબતોમાં એવું ભદ્દું રાજકારણ દેખાય છે જે સરદાર પટેલનો કયારેક ન ગમે. જો કે કરમસદનો રાષ્ટ્રીય નેતાના નામે વર્ષોથી આખો દેશ ઓળખતો જ હતો. પરંતુ સરદાર પટેલ સાથે સંકળાયેલા નિવાસ સ્થાન અને શાળા જેવાં સ્મારકો સારી સ્થિતિમાં સચવાય તે એક કદરદાન પ્રજા તરીકે આપણી ફરજ ગણાય. એ દષ્ટિએ આ સત્યાગ્રહનો આપણે પ્રજાકીય આક્રોશની ફળશ્રુતિ જ ગણવી રહી.

# પતિને સન્માર્ગે દોરતી સતી



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

દક્ષિણ ભારતમાં શિખીધ્વજ નામે રાજા હતો. શાસકો તો રાજર્ષિઓ હોય. ઋષિઓ જેવા હોય. પણ શિખીધ્વજ દુરાચારી હતો. કારણ કે એનામાં ધર્મ અથવા અધ્યાત્મનો અભાવ હતો. ધર્મ હોય તો સદાચાર હોય. નગરજનોને પણ અસંતોષ હતો.

એને ચૂડલા નામે સંસ્કારથી શોભતી રાણી હતી. એ પતિને સમજાવવા કોશિશષ કરતી, પરંતુ ન ફાવી. પત્નીની સાચી સલાહ ન માને તો રાવણ જેવી દશા થાય, પરંતુ એણે સંકલ્પ દઢ ખરી લીધો - 'એ સુધારશે જ.'

કોઈક સુભાગી પળે રાજાના હૈયા રામ વસ્યા ધર્મ અને અધ્યાત્મની સાધના માટે એણે વનમાં પ્રસ્થાન કર્યું. બંનેની સંમતિથી રાણીએ શાસનના સૂત્રો સંભાળ્યા. પ્રજા રાજી થઈ. થોડો સમય વીત્યો, પછી એણે એના વનવાસી ગુપ્ચરો દ્વારા તપાસ કરાવી, તો ખબર પડી, કે એનામાં કોઈ જ સુધારો નથી.

એ હવે પોતાની રીતે સ્વપ્રયત્નથી અધ્યાત્મ અને યોગના માર્ગે આગળ વધી ગઈ. એક યોગિનીની જેમ એણે સિદ્ધિઓ પ્રાપ્ત કરી લીધી. સ્વભાવમાં નમ્રતા હતી. કોઈને જાણ થવા ન દીધી. હવે એણે મંત્રી પરિષદ બોલાવી. સચિવોને રાજયનો કાર્યભાર સોંપ્યો. પરિષદમાં સૌ સંતોષ પામ્યા અને પછી રાણીએ પોતે વનપ્રસ્થાન કર્યું. એણે ગુપ્તચરો પાસેથી જાણી લીધું હતું કે શિખીધ્વજ કઈ જગ્યાએ છે.

એને ખાતરી હતી કે એ માનવાનો નથી. તેથી એણે ઉપાય કર્યો. યોગને કારણે એની પાસે સ્વરુપ પરિવર્તનની સિદ્ધિ હતી. એણે યુવાન તપસ્વી ઋષિનું સ્વરુપ લીધું અને કુંભ નામ ધારણ કર્યું. શિખીધ્વજે આ ઋષિ કુંભનો આદર સત્કાર કર્યો. પોતાની સાથે જ રાખ્યો. બંને સારા મિત્રો બની ગયા.

હવે ધીરે ધીરે કુંભે એને રસપ્રત રીતે ઉપદેશ આપવા માંડ્યો. પંચતંત્રના ચાર મૂરખ રાજકુમારો વિષ્ણુ શર્માની પ્રાણીકથાઓથી સુધરી ગયા હતા. એ એને આવી નીતિકથાઓ કહે. ધર્મ અને અધ્યાત્મની સારી સારી વાતો કરે. હવે એને ખાતરી થવા માંડી કે શિખીધ્વજમાં ગુણાત્મક પરિવર્તન આવતું જાય છે.

હવે એને વિચાર આવ્યો - પોતે આની પત્ની છે. પોતાની પત્ની તરીકેની ફરજો શું ? - શિખીધ્વજની સેવાચાકરી કરી, આશ્રમની સફાઈ એનો પણ ઉપાય એણે શોધી કાઢ્યો. એણે શિખીધ્વજને કહ્યું, 'હું સમિધ લેવા ગયા હતો. ત્યાં કોઈક ઋષિના દોષમાં આવી પડ્યો. ઋષિએ મને વિચિત્ર શાપ આપ્યો છે. સાંજ પડે. એટલે મારું સ્ત્રીમાં રૂપાંતર થઈ જાય.' ખરેખર આવું થયું. શિખીધ્વજની નજર સામે કુંભ સ્ત્રીમાં બદલાઈ ગયો. મદનિકા નામનીઆ સ્વરુપવતી યુવતી આક્રન્દ કરવા લાગી. શિખીધ્વજે આશ્વાસન આપ્યું. એની સાથે ગાંધર્વ - વિવાહ કર્યો.

આ ક્રમ થોડા દિવસ ચાલ્યો - દિવસે ઉપદેશક કુંભ સાંજ પછી પત્ની મદનિકા.

હવે એને ખાતરી થઈ ગઈ. શિખીધ્વજ ધાર્મિક અને આધ્યાત્મિક થઈ ગયો છે. સંસ્કારી, સમજુ, વિવેકી, જ્ઞાની અને ભદ્રયુવક થઈ ગયો છે. પોતે પોતાનો સંકલ્પ સફળતાપૂર્વક પાર પાડ્યો છે.

આથી શુભમુર્હુતમાં પ્રાતઃકાળે એ ચૂડલા તરીકે જ શિખીધ્વજ સામે પ્રગટ થઈ. એના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. પોતાને સુધારવા માટે ચૂડલાએ જ પુરુષાર્થ કર્યો છે. એ જાણીને એને ચૂડલા મોટે અનહદ માન થયું. તેણે કહ્યું, 'તું ખરેખર સતી છો. આ સંસારમાં કોઈ પણ પત્ની ન કરી શકે. એવું સરસ કાર્ય તેં કર્યુ છે.'

બંને નગરમાં પાછા ફર્યા. નગરજનોએ ઉલ્લાસપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. હવે એમને રાજા સામે અસંતોષ ન હતો.

અમેરિકન વિદૂષિ બહેન ડૉ. વેન્ડિ ડોનિજરએ હિન્દુઝ નામે ૭૮૦ પૃષ્ઠનો ગ્રંથ લખ્યો છે. પેંગ્વીન ગ્રૂપે ઈ. ૨૦૧૦માં પ્રકાશિત કર્યો છે. યોગવસમિષ્ઠ રામાયણને આધારે એમણે આ કથા અતિસંક્ષેપમાં આપી છે.

# વિશ્વનું સૌથી વધુ કાગળનું ઉત્પાદન કયો દેશ કરે છે ?



## ખજાનો

અનિલ પટેલ

### વિશ્વની ભૂગોળ

૧ ડૉવર જલસંધિ ઈંગ્લેન્ડ અને કયા દેશ સાથે થઈ હતી?
(અ) ફ્રાન્સ (બ) લકઝમ્બર
(ક) ઈટાલી (ડ) જર્મની

૨ સોનારન રણપ્રદેશ કયા દેશમાં આવેલ છે ?
(અ) અમેરિકામાં (બ) આફ્રિકામાં
(ક) મેક્સિકોમાં (ડ) ઓસ્ટ્રેલિયામાં

૩ ગ્રેટ વિકટોરીયા રણ કયાં આવેલું છે ?
(અ) થાઈલેન્ડ (બ) અમેરિકા
(ક) બ્રિટન (ડ) ઓસ્ટ્રેલિયા

૪ એન્ડ્રીઝ પર્વતમાળા કયા ખંડમાં આવેલ છે ?
(અ) એશિયા (બ) યુરોપ
(ક) અમેરિકા (દક્ષિણ) (ડ) આફ્રિકા

૫ વિકરોટીયા ધોધ કઈ નદી પર આવેલ છે ?
(અ) નાઈલ (બ) રાયન
(ક) એમેઝોન (ડ) ઝામ્બેકી

૬ મોરેશિયસની રાજધાની કઈ છે?
(અ) પોર્ટ લૂઈસ (બ) વિયેના
(ક) તાસ્કંદ (ડ) જેરૂસલેમ

૭ કયુ શહેર પૂર્વની ટપાલપેટી તરીકે ઓળખાય છે ?
(અ) કોલકાત્તા (બ) ઢાકા
(ક) કોલંબો (ડ) પોર્ટ બ્લેયર

૮ યુરોપની સૌથી લાંબી નદી કઈ છે ?
(અ) નાઈલ (બ) એમેઝોન
(ક) વોલ્ગા (ડ) કાંગો

૯ અમેરિકાનું સૌથી મોટું રાજ્ય કયું છે?
(અ) અલાસ્કા (બ) કેલીફોર્નિયા
(ક) ફલોરીડા (ડ) ટેકસાસ

૧૦ વિશ્વનું સૌથી ઊંડું સરોવર કયું છે ?
(અ) દાલ (બ) બૈકલ
(ક) શિકાગો સરોવર (ડ) સરદાર સરોવર

૧૧ મહાબલી ગંગા કયા દેશની સૌથી મોટી નદી છે?
(અ) થાઈલેન્ડ (બ) નેપાળ
(ક) ભૂતાન (ડ) શ્રીલંકા

૧૨ વિશ્વનો સૌથી લાંબો ભૂમિગત રેલમાર્ગ કયા બે સ્થળોને જોડે છે ?
(અ) લંડન - પેરિસ (બ) લંડન - રોમ
(ક) લંડન - વેનીસ (ડ) લંડન - બ્રસેલ

૧૩ વિશ્વનું સૌથી વધુ કાગળનું ઉત્પાદન કયો દેશ કરે છે ?
(અ) સ્કોટલેન્ડ (બ) પોલેન્ડ
(ક) પોર્ટુગલ (ડ) કેનેડા

૧૪ ઓજસ ડેલ અને સાલાડો જવાળામુખી કયા દેશમાં આવેલા છે ?
(અ) મેક્સિકો (બ) ચીલી
(ક) જાપાન (ડ) બ્રાઝીલ

૧૫ દક્ષિણ ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ કયો હોય છે ?
(અ) ૨૨ ડિસેમ્બર (બ) ૨૧ માર્ચ
(ક) ૨૧ જૂન (ડ) ૨૩ સપ્ટેમ્બર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૪ મે : વિશ્વ અસ્થમા દિવસ / વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ**
  - ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રે ક્રાંતિ લાવનાર સામ પિત્રોડાનો જન્મ દિવસ (૪-૫-૧૯૪૨)
  - જોન બ્રાઉનની જન્મજયંતિ (૪-૫-૧૮૦૦)
  - ત્યાગરાજની જન્મ જયંતિ ( ૪-૫-૧૭૬૭)
  - ભારતીય શાસ્ત્રીય સંગીતના તબલાવાદક પંડિત કિશન મહારાજનું અવસાન (૪-૫-૨૦૧૮
- **૫ મે :**
  - જશવંત ઠાકરની જન્મજયંતિ (૫-૫-૧૯૧૫)
  - મ્યુઝિક ડિરેકટર નૌશાદનું અવસાન (૫-૫-૨૦૦૬)
  - પૂર્વ રાષ્ટ્રપતિ જ્ઞાનીઝૈલસિંગનો જન્મ દિવસ (૫-૫-૧૯૧૬)
  - સુરેન્દ્રનાથ બેનરજી પ્રથમ પત્રકાર કે જેઓ આ દિવસે જેલમાં ગયા (૫-૫-૧૮૩૩)
  - જાણીતા દાર્શનિક અને વિચારક કાર્લ માર્સનો જન્મદિવસ (૫-૫-૧૮)
- **૬ મે :**
  - સંગીત સમ્રાટ તાનસેનનું નિધન (૬-૫-૧૫૯૮)
  - ડૉ. ઝાકીર હુસેન રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા (૬-૫-૧૯૬૭)
  - સિગ્મન ફ્રોઈડની જન્મજયંતિ (૬-૫-૧૯૫૬)
  - મોતીલાલ નહેરુનો જન્મદિવસ (૬-૫-૧૯૬૧)
  - ૨૦૧૨માંરાઈફલશૂટીંગબ્રોઝઓલેમ્પિકમેડલમેળવનારગગનનારંગનોજન્મ (૬-૫-૧૯૮૩)
- **૭ મે :**
  - કવિવર રવિન્દ્રનાથ ઠાકુરની જન્મ જયંતિ (૭-૫-૧૮૬૧)
  - નવલકથાકારક પન્નાલાલ પટેલની જન્મજયંતિ (૧૯૧૨)
  - પાંડુરંગ વા. કાણેની જન્મજયંતિ (૧૯૮૦)
  - ગ્રાબીએલા મિસ્રાલ (ચિલી) ની જનમજયંતિ (૧૮૮૯)
- **૮ મે : આંતરરાષ્ટ્રીય રેડક્રોસ ડે / વર્લ્ડ થેલેસેમિયા ડે / વિશ્વ પ્રવસસી પક્ષી દિવસ**
  - વિશ્વ આરોગ્ય સંસ્થાએ બળીયાનો રોગ નાબૂદ થવાની જાહેરાત કરી (૧૯૮૦)
  - અમેરિકામાં પોસ્ટ ઑફિસની સ્થાપના થઈ (૧૭૯૪)
  - સ્વીડનમાં મૃત્યુદંડ પર પ્રતિબંધ આવ્યો (૧૯૨૧)
  - પશ્ચિમ જર્મનીમાં બંધારણને મંજૂરી આપવામાં આવી (૧૯૪૯)
- **૯ મે : વિક્ટરી (ડે) / માતૃદિન (મધર્સ ડે)**
  - યુરોપિયન યુનિનની સ્થાપના દિવસ (યુરોપ દિવસ) ૧૯૪૯)
  - ગોપાલકૃષ્ણ ગોખલેની જન્મ જયંતિ (૧૮૬૬)
  - સોવિયેત રશિયા દ્વારા જર્મનીના નાઝી સૈન્યને સન્ડર કરવાની ઐતિહાસિક ઘટના (૧૯૪૫)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં ભાજપના કયા પૂર્વ નાણામંત્રી અને દિગ્ગજ નેતાએ પક્ષ છોડ્યો?**

**જવાબ : યશવંત સિન્હા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ
(૨) નટુભાઈ દરજી - પેથાપુર
(૩) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૬) જિતેન્દ્રસિંહ ઠાકોર : મોટી શિહોલી
(૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૮) કનુભાઈ છોટાલાલ શર્મા : સે-૪સી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ત્રિપુરાના યુવા મુખ્યમંત્રીનું નામ શું છે?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# અભ્યાસ વિદ્યા તાજી રાખે છે

જીવનનો સમગ્રપમે સ્વીકારો. ખંડ ખંડ વિચાર એટલે જીવનનું એકાદ પાસું લક્ષમાં લઈ તેના ઉપર કરેલો વિચાર - અને અખંડ વિચાર એટલે સમગ્ર જીવનના બધાં જ પાસાઓનો વિચાર. જેમના નામ ઈતિહાસિં અમર થઈ ગયા. એમણે જીવનનો સમગ્રતામાં વિચાર કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણે પૂર્ણ જીવનનો સ્વીકાર કર્યો હતો. નંદ-યશોદા સાથે, ગોપીઓ સાથે, રાજા કંસ સાથે, દ્વારકાધીશની સ્થિતિએ મહાભારતના યુદ્ધમાં, દુર્યોધન સાથેની સુલેહની વિષ્ટિમાં કે ગીતાના તત્ત્વજ્ઞાનની વાતો અર્જુન આપે કરતાં, યુદ્ધના ઘોડાનું નવરાવતાં કે એઠાં પતરાળાં ઉપાડતાં શ્રીકૃષ્ણે સમગ્રતાઓજ સ્વીકાર કર્યો હતો. એ રીતે જ એ આખું જીવન જીવ્યા. જીવને સમ્યગ્ રીતે જાણવા અને માણવા તેનો સમગ્રતામાં જ સ્વીકાર કરો. કેમ કે સુખ અને દુઃખ, તડકો અને છાયડો જન્મ અને મૃત્યુ સાથે જ હોય છે. આવો સ્વીકાર તમને વિધિથી મળે છે. વિદ્યા એટલે જ



જીવનના સમગ્રપણે સ્વીકાર અને તેવી સમજણ.



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

માણસના જીવનમાં શરીર, ઈન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધિ અને હૃદય આટલાં તત્ત્વો ભાગ લે છે. સ્થૂળ શરીર વડે કામ થાય છે. ઈન્દ્રિયો વડે જાણી શકાય છે. પ્રાણ જેને ઉર્જા કહેવાય છે. તેના વડે જીવી શકાય છે. વિચારનું ઉપકરણ છે. મન તો નિર્ણય કરે છે. બુદ્ધિ અને લાગણીનું કેન્દ્ર છે હૃદય. હૃદય એ માત્ર લોહીનું પંપીંગ કરે છે. એટલું જ કામ તેનું નથી, પણ આ તમામની પાછળ એક અખંડ સત્તા ચેતનાની છે, જેની ધારા આ તમામ અંગોમાં વહે છે. તેથી જ આ બધાં કામ કરે છે.

જ્ઞાન, વિજ્ઞાન બંને ને જાણે ડૉકટર કહે છે કે માણસ પોતાના શરીરને હજુ સુધી પૂરેપૂરું જાણી શક્યો નથી. માત્ર આંખની આસપાસના બે ઈંચના વ્યાસમાં સાત કરોડ જ્ઞાનતંતુ કામ કરે છે. તેના વડે પ્રાણી જોઈ શકે છે. એવી જ રીતે પ્રત્યેક અંગનું કાર્ય અને વૈશિષ્ઠ્ય છે.

વિદ્યા વડે જીવનમાં બધાં જ પાંસાઓને પૂરેપુરું જાણી લો અને તેને વિકસાવો. અભ્યાસથી વિદ્યાને જાણો અને અધ્યાત્મ વિકસાવો, અને તેને અનુભવો આ અનુભવ એટલે જીવનમાં અનુભવવું અજર છે, અમર છે તેવું જાણ્યું ત્યારે જ કહેવાય. જયારે માણસમાં ભય ન હોય. વસ્તુનું મૂળભૂત જ્ઞાન હોય તો ભય શાનો હોય ?

ધ્યાન એ આત્માને પામવા માટેની રોજે રોજ કરવાની પ્રક્રિયા છે. તેનો સતત અભ્યાસ કરવાનો છે. એ અભ્યાસને શાસ્ત્રો 'તપ' કહે છે. ગાંધીજી ૮૦ વર્ષની ઉંમરે નવું શીખવા તત્પર રહેતા. વિનોબાજી ૭૦ વર્ષે નવી ભાષા શીખ્યા હતા. પંડિત રવિશંકર ૭૫ વર્ષની ઉંમરે પણ મનને ડોલાવે તેવી તાજગીભરી સિતાર કેમ બજાવી શકે છે ? કારણ તે રોજ નિયમિત છ કલાક રિયાઝ કરે છે. 'નિરંતર અભ્યાસ કરવાથી વિદ્યાનું રક્ષણ થાય છે. તે દઢ થાય છે. સદાચારના રક્ષણથી કૂળનું નામ ઉજ્જવળ થાય છે. ગુણોને ધારણ કરવાથી શ્રેષ્ઠતાનો પરિચય મળે છે.'

હરિભદ્રસૂરી મહારાજ કહેતા હતા કે યુવાન પતિ-પત્ની સૌ પ્રથમ વહેલી સવારે ઉઠે ત્યારે દાદા-દાદી, માતા-પિતા અને વડીલોને નમસ્કાર કરે, પછી દિવસના કામનો પ્રારંભ કરે. પછી સાધુ, સંત અને અતિથિનો સત્કાર કરી વૃદ્ધ દાદા-દાદી, માતા-પિતા અને વડીલોને ભોજન આપી. પોતાના બાળકોને જમાડે, પછી પોતે જમે, કુળની પાછળ ખાનદાની આવે છે. શીલ, સંપ અને સદાચારના ત્રિવેદી સંગમ ને ખાનદાની કહે છે. સદ્ગુણોની સામી વ્યક્તિની પરખ થાય છે.